સંક્ષિપ્ત સમાચાર

ગોધરામાં શ્રી લાડી લોહાણા સિંધી મહિલા મંડળ દ્વારા પ્રથમવાર સમૂહ જનોઈનું આયોજન કરાયું

ગોધરા : ગોધરાના શાંતિપ્રકાશ સત્સંગ હોલ ખાતે રવિવારે લાડી લોહાણા સિંધી મહિલા મંડળ દ્વારા સમૂહ જનોઈ કાર્યક્રમ સંપન્ન થયો હતો. દેશમાં પ્રથમવાર કોઈ મહિલા મંડળ દ્વારા આયોજિત આ વિશેષ પ્રસંગે સિંધી સમાજના 24 બાળકોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ યજ્ઞોપ્વીત ધારણ કરી સંસ્કારમય જીવનમાં પ્રવેશ કર્યો હતો. સદગુરુ સ્વામી શ્રી લીલાશાહ મહારાજની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમનો પ્રારંભ સ્વામીની પરમાનંદા સરસ્વતીજીના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. જનોઈ વિધિ બાદ બટુકદેવોની ભવ્ય શોભાયાત્રા સત્સંગ હોલથી ઝૂલેલાલ મંદિર સુધી કાઢવામાં આવી હતી, જેમાં સમાજના લોકો ડી.જે.ના તાલે ઉત્સાહભેર જોડાયા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા સ્વાગત બાદ સાંઈ ક્રિશ્ના ઓરકેસ્ટ્રાના સંગીત સાથે સૌએ આનંદ માણ્યો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય હોદ્દેદારો, મનુભાઈ ભગત અને મુરલીધર મુલચંદાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંડળના પ્રમુખ ચંદાબેન બાલવાણીએ સમાજના સહકાર બદલ આભાર માન્યો હતો.

શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ યોજાયો

બોડેલી : બોડેલીની નામાંકિત શેઠ એચ.એચ. શિરોલાવાલા હાઈસ્કૂલના બોર્ડના વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે ભાવસભર વિદ્યાર્થી શુભેરછા સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પી.એફ રાઠવા શાળાનો પરિચય આપ્યો વડતાલ સત્સંગ સભાના પ્રમુખ નૌતમ પ્રકાશદાસજી સ્વામી અને ઉપસ્થિત સંતો એ શાળાના આજીવન ટ્રસ્ટી ભાવેશભાઈ શિરોલાવાલા અને શાળાના આચાર્યશ્રી સુરેશકુમાર એસ પટેલ આમંત્રિત મહેમાનઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું શાળાના પ્રમુખ ભાવેશભાઈ શિરોલાવાલા સમગ્ર શાળાની સિદ્ધિઓ વિશે ચિતાર આપ્યો ત્યારબાદ ઉપસ્થિત સંતોઓને પુષ્પહાર પહેરાવીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.શ્રી જૈમિનભાઈ પટેલે વડતાલ સત્સંગ સભાના પ્રમુખશ્રી નૌતમ પ્રકાશ દાસજી સ્વામીનો પરિચય આપ્યો. નિવૃત શિક્ષક જયંતભાઈ પટેલને પૂજ્ય સંત નૌતમ પ્રકાશ દાસજી સ્વામી હસ્તે ગ્રેજ્યુટીનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

લીમખેડામાં દિવ્યાંગ બાળકોના સ્ક્રિનિંગ માટેની પ્રશાંત એપની તાલીમ યોજવામાં આવી

લીમખેડા : સમગ્ર શિક્ષાની સમાવેશી શિક્ષણ શાખા દાહોદ દ્વારા લીમખેડા બ્લોકના પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના તમામ આચાર્યોની તથા પ્રોજેક્ટ સ્ટાફની દિવ્યાંગ બાળકોના સ્ક્રિનિંગ માટેની PRASHASHT APP તાલીમ યોજવામાં આવી હતી. જેમાં શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓના PRASHASHT એપના માધ્યમથી કઈ રીતે સ્ક્રિનિંગ કરવું અને દિવ્યાંગ વિદ્યાર્થીઓની ઓળખ કરવી તે વિશે BRC.CO..તેમજ IED કોર્ડીનેટર અને બ્લોક એમ.આઈ.એસ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સુખસર ખાતે ગુરુ રવિદાસ જન્મ જયંતિની હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી

સુખસર : સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે 1 જાન્યુઆરી 2026 નારોજ આસપુર ચોકડી દયાળુ હનુમાનજી મંદિર ખાતે તમામ સમાજના સભ્યોએ ઉપસ્થિત રહી સંત શિરોમણી રવિદાસ મહારાજની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.તેમજ ગુજરાત રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રમેશભાઈ કટારાએ પણ હાજર રહી સંત રવિદાસ મહારાજની છબી ઉપર ફુલ વર્ષા કરી ધન્યતા અનુભવી હતી.તેમજ સુખસર ગામમાં શોભાયાત્રામાં તમામ સમાજના સભ્યોએ હાજર રહ્યા હતા. ગુજરાત રાજ્ય કૃષિ અને પશુપાલન મંત્રી રમેશભાઈ કટારાએ સંત રોહીદાસની છબી ઉપર ફુલ વર્ષા સાથે દર્શન કરી ધન્યતા અનુભવી

બદલાતા હવામાને ખેડૂતોની ચિંતા વધારી

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી માવઠાનો માર: ખેતીને નુકસાન

નિષ્ણાતોના મતે આ પ્રકારનું પ્રતિકૂળ હવામાન ઉભા પાકને નુકસાન પહોંચાડી શકે છે

(પ્રતિનિધિ) ગોધરા, તા.2 પંચમહાલ જિલ્લાના શહેરા પંથકમાં વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે અચાનક હવામાનમાં પલટો આવ્યો હતો.જેના પગલે રેના, મોરવા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી માવઠું થતા જનજીવન પ્રભાવિત થયું. શિયાળો અને ઉનાળાની મિશ્ર ઋતુ વચ્ચે અચાનક પડેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. પરંતુ ખેતી પાકોને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક તાજા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના વાતાવરણમાં આ પલટો આવ્યો છે. વહેલી સવારથી આકાશ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું અને ત્યારબાદ પવન સાથે હળવા ઝાપટાં પડ્યા હતા, જે ગ્લોબલ વોર્મિંગના પ્રભાવ હેઠળ બદલાતા હવામાનની સાક્ષી પૂરે છે. સ્થાનિક હવામાન કેન્દ્રની આગાહી મુજબ, પંચમહાલ સહિત અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા-ભડાકા સાથે હળવા વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ કમોસમી વરસાદ ખાસ કરીને ઘઉં, જીરું અને ચણા જેવા રવિ પાકો માટે અત્યંત નુકસાનકારક સાબિત થઈ શકે તેમ હોવાથી ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે. નિષ્ણાતોના મતે આ પ્રકારનું પ્રતિકૂળ હવામાન ઉભા પાકને નુકસાન પહોંચાડી શકે છે. સતત વધતી જતી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને કારણે દિન-પ્રતિદિન પ્રકૃતિનું સંતુલન બગડી રહ્યું છે.જેના પરિણામે ઋતુચક્રમાં આકસ્મિક ફેરફારો જોવા મળી રહ્યા છે.

હાલોલના ગોધરા રોડ ઉપર APMCની નવી ઓફિસ ઉદઘાટન

(પ્રતિનિધિ) હાલોલ, તા.2 હાલોલ નગરમાં આવેલ વર્ષો જૂની ખેતીવાડી બજાર ની સંસ્થા એ ગોધરા રોડ ઉપર આવેલ એપીએમસી માર્કેટ યાર્ડ નું નવીન ઓફિસ ઉદઘાટન અને ગોડાઉનના ખાતમુરત તથા ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ તરીકે વરણી થયેલ હાલોલના ધારાસભ્ય જયદ્રસિંહ પરમારનો સત્કાર સમારંભ યોજાયો હતો તેમાં એપીએમસીના ચેરમેન વકીલ નારણભાઈ વરિયાએ તથા તેમની ટીમે ધારાસભ્યને સાલ અને તરવાર અર્પણ કરી તેમનો બહુમાન કર્યું હતું તેમ જ હાલમાં જ ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ બનેલા એવા હાલોલના લોકલાડીલા ધારાસભ્ય જયદ્રસિંહજી પરમાર તથા કંજરી યુવરાજ મયુર ધ્વજ સિંહ ના હસ્તે શાસ્ત્રો વિધિ વિધાન પ્રમાણે ભૂદેવો દ્વારા ખાતમુરત અને નવીન ઓફિસ તેમ વજન કાંટાનું ઉદ્ઘાટન તેમની ઉપસ્થિતિમાં તેમના હસ્તે કરવામાં આવ્યું આ પ્રસંગે હાલોલ ધારાસભ્ય જયદ્રથ સિંહજી પરમારનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું.

દાહોદના બહુચર્ચિત સરકારી જમીન કૌભાંડમાં સુલેમાન બેલીમની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કર્યા

સરકારી લેન્ડને ખાનગી બતાવી વેચાણ કરવું ગંભીર બાબત:સેશન્સ કોર્ટનું કડક વલણ

(પ્રતિનિધિ) દાહોદ, તા.2 દાહોદમાં બહુચર્ચિત નકલી NA પ્રકરણમાં દાહોદ નજીક આવેલી સરકારી જમીનને પોતાના મળતીયાઓ સાથે પિતાના નામે બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવ્યું હતું.અને સરકારી જમીનને પોતાની માલિકી તરીકે પુરવાર કરી એ જમીનનું વેચાણ કરી લાભમેળવવાના ગુનાહિત કાવતરામાં સરકારે સાથે છેતરપિંડી અને બોગસ દસ્તાવેજો બનાવવાના ગુંભીર કૌભાંડ મામલે સેશન્સ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે.સરકારી તથા પોસ્ટ વિભાગની જમીનને ખાનગી બતાવી વેચાણ કરવાના આરોપી સુલેમાન જમાદખાન બેલીમની નિયમિત જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદના બહુચર્ચિત નકલી એને પ્રકરણમાં દાહોદ એ ડિવિઝનમાં નાયબ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી. જેમાં અલગ અલગ જમીનોમાં ૭૦ આરોપીઓ સામે ગંભીર પ્રકારની કલમો સાથે ગુન ગુનો નોંધાયો છે. આ સાથે સરકારમાં ભરપાઈ થનારી પકડાયેલા તમામ આરોપીઓ જામીનમુક્ત થયા હોવાથી સરકારી જમીનને ખાનગી બતાવી વેચી મારવાના આ કૌભાંડમાં પકડાયેલા સુલેમાન જમાદખાન બેલીમે સેશન્સ કોર્ટમાં નિયમિત જામીન માટે અરજી કરી હતી. અરજદાર પક્ષે દલીલ કરી હતી કે જમીન કૃષિ સીમામાં આવતી નથી તેમજ ઉપયોગની છે અને શહેર સમાન ભૂમિકાવાળા અન્ય આરોપીઓને જામીન મળ્યા છે. પરંતુ પોલીસ તરફે કોર્ટમાં દલીલ કરી કે વિવાદિત જમીન સરકારી વેસ્ટ લેન્ડ છે અને પોસ્ટ વિભાગની માલિકીની છે. તપાસ દરમિયાન ખુલ્યું છે કે આરોપીએ પોતાના સ્વર્ગસ્થ પિતાના નામે બોગસ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરાવી સરકારી જમીનનું વેચાણ કરી નાણાકીય લાભr મેળવ્યો છે. તપાસ અધિકારીના એફિડેવિટ મુજબ, તાલુકા પંચાયતના દર્શાવાયેલા એગ્રીકલ્ચર ઓર્ડરો અધિકૃત રેકોર્ડમાં અસ્તિત્વમાં નથી. ઉપરાંત, અરજદાર સામે સમાન પ્રકારના અન્ય ગુનાનો પૂર્વ ઈતિહાસ પણ નોંધાયેલ હોવાનું કોર્ટ સમક્ષ રજૂ કરાયું હતું. બન્ને પક્ષોની દલીલાં સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટના વ્યાસે નોંધ્યું કે આરોપ ગંભીર સ્વરૂપના છે અને તપાસ નિર્ણાયક તબક્કે ચાલી રહી છે.

પીપલોદમાંથી વેપારીઓનું સ્થળાંતર : વિકાસની નિષ્ફળ નીતિઓ સામે ગંભીર સવાલ

(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા.2 દેવગઢ બારીયા તાલુકાનું પીપલોદ ગામ એક સમયનો મહત્વનો વેપારી કેન્દ્ર હતું, પરંતુ છેલ્લા પાંચ થી સાત વર્ષ દરમિયાન અહીંથી મોટી સંખ્યામાં વેપારીઓ પોતાનો ધંધો ઓછો કરી સમેટીને દાહોદ,ગોધરા અને વડોદરા જેવા શહેરોમાં સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. આ સ્થળાંતરના કારણે પીપલોદના વેપાર અને સ્થાનિક અર્થતંત્ર પર ગંભીર નકારાત્મક અસર પડી રહી છે અને ગામના મુખ્ય બજાર વિસ્તારોમાં વેપારિક ગતિ નોંધપાત્ર રીતે ધીમી પડી ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વેપારીઓના સ્થળાંતરના મુખ્ય કારણોમાં ગામમાં પૂરતી મૂળભૂત નાગરિક સુવિધાઓનો અભાવ, ગુણવત્તાયુક્ત શિક્ષણની અછત, બાળકો અને યુવાઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી તકનો અભાવ તેમજ સ્થાનિક પ્રશાસનની બેદરકારી જવાબદાર છે. રોજબરોજ ગોધરા, વડોદરા કે દાહોદ અપડાઉન કરવાની મજબૂરીને કારણે વેપારી પરિવારો પર આર્થિક અને સામાજિક દબાણ વધી રહ્યું છે, જેના પરિણામે બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શહેર તરફ જવાનો નિર્ણય લેવાઈ રહ્યો હોવાનું પણ સામે આવી રહ્યું છે. આ પરિસ્થિતિના સીધા પરિણામરૂપે પીપલોદના બજાર વિસ્તારમાં આવેલી દુકાનો અને કિંમતી વ્યાવસાયિક મિલકતો મોટા પાયે વેચાણમાં મુકાતી જોવા મળી રહી છે. અનેક મિલકતધારકો દ્વારા "મિલકત વેચવાની છે" તેવા મોટા બોર્ડ લગાવવામાં આવ્યા છે તેમજ ન્યૂઝ પેપરમાં વેચાણ સંબંધિત જાહેરાતો પણ પ્રસિદ્ધ થઈ રહી છે, જે પીપલોદના ભવિષ્ય માટે ગંભીર ચેતવણીરૂપ સંકેત છે. ગ્રામજનો અને વેપારી વર્ગ વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓને માંગ કરે છે કે આ મુદ્દાની તાત્કાલિક અને ગંભીર સમીક્ષા કરી, વેપારીઓના સ્થળાંતરના સાચા કારણો શોધી અને પીપલોદમાં ફરીથી વેપાર, રોજગાર, શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન મળે તે માટે અસરકારક પગલાં લેવાય.

કાલોલમાં જીવદયાનો દાખલો : દુકાનદારની જાગૃતિને કારણે અબોલ પારેવાને નવજીવન મળ્યુ

કાલોલ : કાલોલ બસ સ્ટેશન પાસે નવા બજાર વિસ્તારમાં આવેલા વીજળીના વાયર સાથે આજ રોજ સાંજે ગળા ના ભાગે પતંગની દોરીને દોરી ભરાઈ જતા દોરી માં ફસાયેલું કબૂતર સ્થાનિક દુકાનદારે જોતા કાલોલ ફાયર વિભાગને જાણ કરી હતી જેથી કાલોલ નગરપાલિકા નુ મીની ફાયર ફાઇટર સાથે કર્મચારી મહેશભાઈ અડિયલ આવી પહોંચ્યા હતા અને તાર પર દોરી ભરાયેલ હાલતમાં કબૂતર ને ગળા માં ભરાયેલ દોરી સાવચેતી પુર્વક કાઢી લઈ ખુલ્લી હવામાં છોડી મૂકવામાં આવ્યુ હતુ. આમ દુકાનદારની જાગૃતતા ને કારણે નિર્દોષ કબૂતર ને નવજીવન મળ્યું.

મતદારોના નામ ખોટી રીતે રદ કરવા મામલે FIRની માંગ, ઝાલોદ પ્રાંત અધિકારીને કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર

પરિવારજનોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવાની ચિમકી

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.2 ઝાલોદ તાલુકામાં મતદાર યાદી સાથે ચેડાં થયાનો ગંભીર આરોપ લગાવી ગુરુગોવિંદ લીમડી અને ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ઝાલોદના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર 130-ઝાલોદ વિધાનસભા મતવિસ્તારમાં ચાર વ્યક્તિઓ દ્વારા કોઈપણ આધાર પુરાવા વિના ફોર્મ નં. 7 ભરી 2832 જેટલા સાચા મતદારોને ગેરહાજર તથા કાયમી સ્થળાંતર દર્શાવી તેમના નામ મતદાર યાદીમાંથી રદ કરવા વાંધા દાખલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસે આ કાર્યવાહી લોકશાહી વિરોધી અને ગુનાહિત હોવાનું જણાવી સંબંધિત ચાર ઈસમો – ડામોરબલવન્તસિંહલાલસિંહ, કિશોરી બિપીનભાઈ વિછિયાભાઈ, નિનામા શૈલેષભાઈ સમુંડાભાઈ અને બારીયા ચેતનભાઈ ચુનીયાભાઈ વિરુદ્ધ તાત્કાલિક FIR નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આવેદનપત્રમાં વધુમાં માંગ કરવામાં આવી છે કે આ ચાર ઈસમોએ પોતાની રીતે આ કાર્યવાહી કરી છે કે પછી કોઈ રાજકીય આગેવાન અથવા પક્ષના ઈશારે આ કૃત્ય કરાયું છે તેની પણ ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે. જો કોઈ રાજકીય સાંઠગાંઠ સામે આવે તો તેમાં સંડોવાયેલા તમામ સામે પણ FIR નોંધવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો સમયસર યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો 2832 અસરગ્રસ્ત મતદારો અને તેમના પરિવારજનોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસનની રહેશે.

આરોહ અવરોહણ સ્પર્ધામાં દાહોદ જિલ્લાનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) લીમખેડા, તા.2 સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સરકાર દ્વારા 18 મી ઓલ ઈન્ડિયા માઉન્ટેન સ્પર્ધા ગિરનાર ખાતે યોજાઈ હતી.આ સ્પર્ધામાં સમગ્ર ભારત દેશના જુદા જુદા રાજ્યોમાંથી 541 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યના 05 સ્થળો પૈકીના વિવિધ સ્થળોએ ભાગ લઈ 1 થી 10 ક્રમાંક પ્રાપ્ત કરનાર સ્પર્ધકને સીધો પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આપણા સૌના માટે ખુશીની વાત એ હતી કે આ સ્પર્ધા પહેલા પાવાગઢ ખાતે આરોહ અવરોહણ સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર ગુજરાત રાજ્યમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કરનાર સુનિલભાઈ મોહનીયા ને ગિરનાર ખાતેની સ્પર્ધામાં સીધો જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. અને ગિરનાર ખાતેની આરોહ અવરોહણ સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી 541 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.ગિરનારના 5.500 પગથિયા તેમણે 01 કલાક અને 19 મિનિટમાં ચઢીને સમગ્ર ભારત દેશમાં 09 મો ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્યનું તથા દાહોદ જિલ્લાનું, પોતાના લીમખેડા તાલુકાનું અને પટવાણ ગામનું નામ રોશન કરવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

પાવાગઢ કંપાઉન્ડ ખાતે ચાંપાનેર મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) પાવાગઢ, તા.2 ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી, અર્ચન ત્રિવેદી આયોજિત, ચાંપાનેર મહોત્સવ તારીખ ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રે આઠ કલાકે હના કંપાઉન્ડ ખાતે યોજયો હતો. ખૂબ વૈવિધ્ય સભર કાર્યક્રમ, સ્તુતિ, ભજન, ગીત, સંગીત, અને સાંસ્કૃતિક નૃત્ય દવારા સુંદર કાર્યક્રમની મોજ પડી, પાવાગઢ મંદિરના ટ્રસ્ટી વિનોદભાઈ વરિયા,સરપંચ રવિભાઈ ચારણ, બાબુ ભાઈ તલાટી, પંચાયત સભ્ય નૈનેષભાઈ પંડ્યા, અશોકભાઈ, લાલાભાઈ પટેલ, જનક ત્રિવેદી, દેવરાજ ચારણ, રાજેન્દ્રભાઈ પંડ્યા,માનસિંગભાઇ બારીયા, વગેરે હાજર રહ્યા હતા. પંદર થી વધારે કલાકારોએ મોજ કરાવી, ધનંજય પટેલ, જ્યોત્સના કાપડી, ભાઈલાલ દસાડિયા, બાબુભાઈ, જેવા કલાકારોએ મોજ કરાવી અદ્ભુત વાદ્યવૃંદ, અને સુંદર પ્રેક્ષકોએ કાર્યક્રમને ખૂબ માણ્યો, આવા કાર્યક્રમ આપણી સંસ્કૃતિને પ્રસ્તુત કરે છે, વારંવાર સાંસ્કૃતિક ધરોહર ઉજાગર કરવવા આવા કાર્યક્રમ આ વિસ્તાર માં થાય તે ખુબ જરૂરી છે.

સીંગવડ તાલુકામાં 'PRASHAST APP' અમલવારી માટે સમાવેશી શિક્ષણ અંતર્ગત તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.2 સમગ્ર શિક્ષા અંતર્ગત સમાવેશી શિક્ષણ (IED) શાખા દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓની વહેલી ઓળખ સુનિશ્ચિત કરવા માટે મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશનની માર્ગદર્શિકા મુજબ વર્ષ 2025-26 માટે 'PRASHAST APP' ની અમલવારી રાજ્યભરમાં કરવામાં આવી રહી છે. આ અનુસંધાને સીંગવડ તાલુકામાં પ્રાથમિક તથા માધ્યમિક શાળાના મુખ્યશિક્ષક/આચાર્યશ્રીઓ માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જાહેર નોટીસ

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં જાહેર નોટીસ

કેસ.નં.૭૨/૨૦૨૫ તા.૨૨/૦૧/૨૦૨૬

અરજદાર: અમલીયાર મુકેશભાઈ કલસીંગભાઈ રહે.નીમચ, તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,નીમચ,તા.ગરબાડા, જિ.દાહોદ

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટના અરજદારશ્રી અમલીયાર મુકેશભાઈ અમલીયાર - વસનીબેન કલસીંગભાઈ નું નામે મરણ થયેલ ત્યારે અરજદારનું મરણ તા.૧૦/૦૫/૨૦૨૩ નારોજ કલસીંગભાઈ ના માતા ગામ.નીમચ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છેજે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ ધ્વારા મરણની નોંધણી તલાટી છે.અરજદારના માતાનું નીમચ, તા.ગરબાડા,જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી.તેથી સદરહુ અરજદારને તેમનામાતાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૧૫(પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : ૨૨/૦૧/૨૦૨૬ સહી /-

સ્થળ : ગરબાડા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર